ગાંધીનગર સમાચાર

# સે. ૧૭માં સફાઈ અભિયાન યોજાયું





સૅક્ટર-૧૭ના મુખ્ય શોપીંગ સૅન્ટર ખાતે સફાઈ અભિયાનનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ ઉપરાંત સુરેશભાઈ મહેતા, કૈલાશ લખવારા, પરાગીબેન પંડ્યા, મધુભાઈ, ગોપાલભાઈ, વિપુલભાઈએ સાથે મળી સ્વયં સફાઈ કરી સ્થાનિકો માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# રાજ્યની સ્કૂલ્સ ફી ઘટાડા તરફ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યની ૮૬ શાળાઓએ પોતાની શૈક્ષણિક ફીમાં રૂ. ૩૦૦ થી લઈને રૂ. ૬૨૦૦૦ સુધીનો ધરખમ ઘટાડો કર્યો છે. સ્કૂલોએ સ્વૈચ્છિક રીતે ફીમાં કરેલા ઘટાડાની રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સરાહના કરી હતી. સાથોસાથ અન્ય શાળાઓને પણ સ્વૈચ્છિક રીતે ફી ઘટાડો કરવા અથવા ફી નિર્ધારણ ઝોનલ કમિટિ સમક્ષ ૨૪ મી મે સુધીમાં ફી નિર્ધારણ અંગેની દરખાસ્ત કરી દેવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ૨૪ મી મે સુધીમાં જે શાળાઓ દરખાસ્ત નહીં કરે તેઓ ફીનું વાજબીપણું પૂરવાર કરવાની તક ગુમાવશે. આ સંદર્ભમાં ઝડપભેર ફી નિર્ધારણ અંગેની દરખાસ્ત કરવા શાળાઓને શિક્ષણ મંત્રીએ અનુરોધ કર્યો છે.

રાજ્યની જે શાળાઓએ જે તે જિલ્લા શિક્ષણાધિકારી, પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે સંવાદ સાધીને સ્વૈચ્છિક રીતે પોતાની શૈક્ષણિક ફીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે તેમાં અમદાવાદ શહેરની ૧૯, અમદાવાદ ગ્રામ્યની ૧૨, ગાંધીનગર જિલ્લાની ૯, વડોદરા શહેરની ૧, સુરેન્દ્રનગર શહેરની ૯, સાબરકાંઠા જિલ્લાની ૯, કચ્છ જિલ્લાની ભૂજ શહેરની ૭, મહિસાગર જિલ્લાની ૩, અમરેલી શહેરની ૬ અને અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની ૧૧ શાળાઓ સાથે કુલ ૮૬ શાળાઓએ શૈક્ષણિક ફીમાં ધરખમ ઘટાડો કર્યો છે. અમદાવાદ શહેરની ૧૯ શાળાઓએ રૂ. ૩૦૦થી લઈને મહત્તમ રૂ. ૫૦૦૦ સુધીનો, અમદાવાદ ગ્રામ્યની ૧૨ શાળાઓએ રૂ. ૫૦૦ થી રૂ. ૮૫૦૦ સુધીનો, ગાંધીનગર જિલ્લાની ૯ શાળાઓએ રૂ. ૩૦૦૦ થી મહત્તમ રૂ. ૩૩૦૦૦ સુધીનો, સાબરકાંઠા જિલ્લાની ૯ શાળાઓએ રૂ. ૫૦૦ થી લઈને રૂ. ૫૦૦૦ સુધીનો, સુરેન્દ્રનગર જિલ્લાની ૯ શાળાઓએ રૂ. ૧૫૦૦ થી લઈને રૂ. ૨૧૦૦૦ સુધીનો, કચ્છ જિલ્લાની ભૂજ શહેરની ૭ શાળાઓએ રૂ. ૨૦૦૦ થી લઈને રૂ. ૧૮૫૦૦ સુધીનો, મહિસાગર જિલ્લાની ૩ શાળાઓએ રૂ. ૩૦૦૦ થી રૂ. ૬૫૦૦ સુધીનો, અમરેલી શહેરની ૬ શાળાઓએ રૂ. ૧૦૦૦ થી લઈને રૂ. ૧૩૦૦૦ સુધીનો અને અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની ૧૧ શાળાઓએ રૂ. ૧૨૦૦ થી લઈને મહત્તમ રૂ. ૩૮૫૦૦ સુધીનો શૈક્ષણિક ફીમાં ધરખમ ઘટાડો કર્યો છે.

સ્કૂલોએ ફી ઘટાડો કર્યો હોઈ તેને શિક્ષણમંત્રીએ આવકાર્યો છે અને આગામી દિવસોમાં એટલે કે ૨૪ મે સુધીમાં સ્કૂલો ફી ઘટાડો કરે અથવા તો ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરે તે માટે અનુરોધ કર્યો છે. જો સ્કૂલો ૨૪ મે સુધીમાં દરખાસ્ત નહીં કરે તો ફીનું વાજબીપણું પુરવાર કરવાની તક ગુમાવશે તેમ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું.

# ટૉપ ઍજ્યુકેશન ખાતે કાનૂની શિક્ષણ શિબિર



## વિદ્યાર્થીઓને રાઈટ ટુ ઍજ્યુકેશન તથા જુવેનાઈલ જસ્ટીસ ઍક્ટ-૨૦૧૫ અંગે જરૂરી જાણકારી પૂરી પાડવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર જિલ્લા કૉર્ટના ઉપક્રમે સુપ્રિમ કોર્ટ નેશનલ લીગલ સર્વિસીઝ સ્કીમ-ચાઈલ્ડ ફ્રેન્ડલી સ્કીમ ૨૦૧૫ અંતર્ગત કાનૂની શિબિરનું આયોજન ખ્યાત ક્લાસીસ ટૉપ ઍજ્યુકેશનલ કન્સલ્ટન્ટ પ્રા.લિ., સૅક્ટર-૨૨ ખાતે કરવામાં આવ્યું હતું.

સંસ્થાના વિદ્યાર્થીઓને કાયદાકીય જ્ઞાન, સમજ તેમજ વ્યવસ્થિત માર્ગદર્શન મળી રહે તેવા હેતુસર આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૅરાલીગલ વૉલન્ટીયર સુધીર દેસાઈએ રાઈટ ટુ ઍજ્યુકેશન તથા જુવેનાઈલ જસ્ટીસ ઍક્ટ-૨૦૧૫ અંગે જરૂરી જાણકારી પૂરી પાડી હતી. પીઍલવી રાજુભાઈ ગજ્જરે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનાં કાર્યો અંગે માહિતી પૂરી પાડી હતી.

સંસ્થાના ડિરેક્ટર મનીષભાઈ પટેલ, સંજયભાઈ પટેલ તથા સંદિપભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની રહી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ચિંતાએ ચિતાને
હસતાં-હસતાં કહ્યું
આમ તો તું ને હું
બેઉ સરખાં, બેઉ સળગાવીએ
ફરક એટલો
તું મરેલાંને સળગાવે
ને હું જીવતાંને

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# ઈન-સર્વિસ ડૉક્ટર્સને ૫૦ ટકા અનામત આપવા રાજ્ય સરકારને સુપ્રીમની સૂચના

ગાંધીનગર, તા. ૨૧

સુપ્રીમ કોર્ટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમનો મુજબ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ ડિપ્લોમા કોર્ષમાં પ્રવેશ માટે ફરજ બજાવતા (ઈન-સર્વિસ) ઉમેદવારોને ૫૦ ટકા અનામત આપવા ગુજરાત સરકારને સૂચના આપી છે. ગામડાના અંતરિયાળ અને મુશ્કેલ વિસ્તારોમાં સરકાર કે જાહેર સત્તામંડળમાં કામ કરતાં મેડિકલ અધિકારીઓને આ ફાયદો મળશે.

સુપ્રીમે પીજી કોર્ષમાં પ્રવેશ માટે આવતીકાલથી શરૂ થઈ રહેલા કાઉન્સેલિંગના બીજા રાઉન્ડમાં આ ઉમેદવારોને અનામત મંજૂર કરવા રાજ્ય સરકારને સૂચના આપી છે. જસ્ટિસ દીપક મિશ્રા અને એ. એમ. ખાનવિલકરની બનેલી બેન્ચે રાજ્યને અંતરિયાળ ગ્રામ્ય કે મુશ્કેલ વિસ્તારો નક્કી કરવા રાજ્ય સરકારને કહ્યું છે. આ વિસ્તારોમાં સેવામાં રહેલાં મેડિકલ અધિકારીઓ કામ કરશે.

ઉલ્લેખનીય છે કે પાંચમી મેએ ગુજરાત હાઈકોર્ટે એ દલીલના આધારે ઈન-સર્વિસ મેડિકલ પિટીશનર્સની પિટીશન ફગાવી દીધી હતી કે રાજ્ય સરકાર એમસીઆઈએ જારી કરેલા નિયમોને અનુસરે તે જરૂરી નથી. ખાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ રેગ્યુલેશન્સ-૨૦૦૦ માટે તો નથી. પરંતુ એ પછી મેડિકલ અધિકારીઓએ પીજી મેડિકલ ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ માટે ઈન-સર્વિસ ઉમેદવારો માટે માત્ર ૨૫ ટકા અનામત આપવાનો સરકારના આદેશને પડકાર્યો હતો. એડવોકેટ અંકિત શાહ થકી સુપ્રીમાં જીએમએસ ક્લાસ ટૂ મેડિકલ ઓફિસર્સ એસોસિએશને ફાઈલ કરેલી અરજીમાં જણાવાયું હતું કે રાજ્ય સરકારે ૨૧ એપ્રિલે જાહેરનામું જારી કર્યું હતું જેમાં ઈન-સર્વિસ ઉમેદવારોને ફાળવાયેલી બેઠકો માત્ર ડિપ્લોમા કોર્ષ સુધી જ સીમિત હતી અને તેમાં કોઈપણ યોગ્ય કારણ આપ્યા વગર ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ડિગ્રી કોર્ષને બાકાત રખાયા છે. પિટીશનરોએ કહ્યું હતું કે આ મુદામાં જાહેર મહત્વના નોંધપાત્ર કાયદાની વાત છે અને ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતાં ઈન-સર્વિસ મેડિકલ ઓફિસરની મોટી સંખ્યા જોતાં આ ચુકાદાની નોંધપાત્ર અસર થશે.

# મોસાળ જવા માટે વૅકેશનની રાહ આખું વર્ષ જોવાતી

**સંવેદના**
**મારું માયાળુ મોસાળ**

વાલમ ગામ મારું મોસાળ. વિસનગરથી ૭ કિમી દૂર આ ગામ. વૅકેશન પડે એટલે મામાના ઘેર તો અચૂક જવું એ જ વૅકેશનનો પ્રોગ્રામ. વૅકેશનની રાહ આખું વર્ષ જોવાતી હોય, ૧ મહિના પહેલાં તૈયારીઓ ચાલુ થાય. તળાવમાં ન્હાવા જવું, આશ્રમમાં ફરવા જવું, આખી બપોર ફરવું તથા રમવું... બાળપણની મજા જ કંઈ ઓર હોય છે.

મારા મામાનું નામ મનુપ્રસાદ રામરાય જોષી ત્યાર પછી તો અમદાવાદ, જમાલપુર રહેવા આવી ગયા હતા. અમદાવાદમાંય મામા કાંકરિયા, લાંભા મંદિરે ફરવા લઈ જાય. મામી રોજ ભાણીયાઓને પૂછીને નવું-નવું જમવાનું બનાવે. કોઈ દિવસ કેરીનો રસ, કોઈ દિવસ વિપુલ દુધિયાનો શ્રીખંડ... મામાનો દીકરો વિપુલ, મારો ભાઈ નિલેષ તથા તેના મિત્રો ખૂબ જ મસ્તી કરતા. મારાં નાનીનું નામ શાંતાબા પણ ગુસ્સો તો નાક પર જ હોય.

મારા મામા બહુ જ દયાળુ ને લાગણીશીલ સ્વભાવના. તેઓ આજે હયાત નથી પણ હજુ પણ એમની બહુ યાદ આવે છે, એમની ખોટ સાલે છે. યાદોમાં એ હંમેશાં જીવતા રહેશે.

**- શૈલેષ મુન્શી**
**સેક્ટર-૪ એ**

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પ્રવેશ માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૧

આગામી દિવસોમાં બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરાશે અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખામાં પ્રવેશ માટેની ઓનલાઈન કાર્યવાહી હાથ ધરશે. ૨૨મી મેથી પ્રવેશ માટે પુસ્તિકા અને પીનનું વિતરણ કરાશે. વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ માટેની જાણકારી મળી રહે તે માટે યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન આપવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે ૨૨ મેથી ૧ જૂન સુધી શહેરની જુદીજુદી કોલેજોમાં ૧૧ જેટલા માર્ગદર્શન પ્રોગ્રામ યોજવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ-૧૨ પછીના બીબીએ, બીસીએ, બીકોમ, એમબીએ- ઈન્ટીગ્રેટેડ, એમએસસી- ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ આપવાનું નક્કી કરાયું છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે વિસ્તૃત જાણકારી તેમજ વિદ્યાર્થીઓ-વાલીઓને માર્ગદર્શન મળી રહે તે માટે પ્રોગ્રામનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે. આ માહિતી પ્રોગ્રામમાં પ્રવેશ પ્રક્રિયા અંગે સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવનાર હોઈ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ-વાલીઓ ભાગ લેશે તેવી શક્યતા છે.

૨૨ મેથી ૧ જૂન સુધી અમદાવાદ-ગાંધીનગર શહેરની જુદીજુદી કોલેજોમાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં ૨૨ મેના રોજ એચ. એલ. કોલેજ ખાતે, ૨૩ મેના રોજ નારાયણ કોલેજ, ૨૪ મેના રોજ ગુજરાત કોમર્સ કોલેજ, ૨૫ મેના રોજ પીડી પંડ્યા કોલેજ અને કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ખાતે, ૨૬ મેના રોજ સી યુ શાહ કોલેજ, ૨૭ મેના રોજ એચ.એ. કોલેજ, ૨૯ મેના રોજ કે.કા. શાસ્ત્રી કોલેજ, ૩૦ મેના રોજ ચૌધરી કોમર્સ કોલેજ-ગાંધીનગર અને ૧ જુનના રોજ એ.પી. પટેલ કોલેજ તથા ગાંધીનગરની ગવર્મેન્ટ કોમર્સ કોલેજ ખાતે સવારે ૧૦ વાગ્યાથી કાર્યક્રમ યોજાશે.

# ગાંધીનગરના કવિ કનૈયાલાલ ભટ્ટના કાવ્યસંગ્રહ "મંત્રોચ્ચાર"ને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત






ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રગટ થયેલા જુદા જુદા વિભાગના પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોના સર્જકોને સન્માનિત કરવામાં આવે છે. આ નિમિત્તે વર્ષ-૨૦૧૫ના વર્ષના જાહેર થયેલા પુરસ્કારોમાં ગાંધીનગરના કવિશ્રી કનૈયાલાલ ભટ્ટના વર્ષ -૨૦૧૫માં પ્રગટ થયેલા તેમના ચોથા કાવ્યસંગ્રહ " મંત્રોચ્ચાર " માટે દ્વિતીય પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. આ અગાઉ શ્રી ભટ્ટને વર્ષ -૨૦૦૯માં તેમના હાસ્યના પુસ્તક "હાસ્યમ પરમ સુંદરમ" માટે અકાદમીનો આ પુરસ્કાર એનાયત થયો હતો. તેમનાં કુલ ૨૦ જેટલાં વિવિધ સ્વરૂપોનાં પુસ્તકો પ્રગટ થયા છે. આ ઈનામી કાવ્યસંગ્રહ "મંત્રોચ્ચાર"માં કવિ વિશે ચિનુ મોદી લખે છે કે "ગીત એના સર્જકત્વનું મૂળ છે. એક દિવસ એ ગીતને રમેશ, અનિલ, માધવ અને વિનોદથી જૂદું લખી આપશે". તો વળી માધવ રામાનુજ લખે છે કે "કનૈયાલાલના કાવ્યોનું ભાવવિશ્વ પ્રેમ, પીડા, પ્રકૃતિ અને પરમતત્વ છે. એમાં મંત્રોચ્ચાર પડઘાય છે. પોતાને મળવા મથતા આ કવિ પાસે શબ્દના સ્પર્શનો વૈભવ ઠેર ઠેર જોવા મળે છે." ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા લખાયેલું બાળ નાટક "બાળ નરેન્દ્ર" પ્રાથમિક શાળાના અભ્યાસક્રમ ધો. ૪ તથા અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ધો. ૯ માં પાઠરૂપે ગુજરાતના બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

ડૉ. ભટ્ટ એક સારા નાટ્ય લેખક પણ છે તેમના લખેલા અને દિગ્દર્શિત કરેલા નાટકો યુનિવર્સિટી, પ્રાદેશિક તથા રાજ્ય કક્ષાએ અનેક વખત વિજેતા બની ચૂક્યા છે.

# ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની સમયમર્યાદા વધારવા સ્કૂલ્સની માગ

ગાંધીનગર, તા. ૨૧

સરકારે સ્કૂલોને ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવા માટે ૨૪ મે સુધીનો સમય આપ્યો છે, પરંતુ સ્કૂલોને ફોર્મ ભરવામાં ફાંફા પડી ગયા હોઈ મુદત વધારવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. એસોસિએશન ઓફ પ્રોગ્રેસિવ સ્કૂલ્સ (AoPS) દ્વારા પણ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની મુદત વધારવામાં આવે તો ઘણી સ્કૂલોને રાહત થઈ શકે તેમ હોવાનું જણાવ્યું હતું. હાલમાં સ્કૂલો ફી કમિટી સમક્ષ દરખાસ્ત તૈયાર કરવાની કામગીરીમાં લાગી છે. જેમાં સીએ ધરાવતી હોય તેવી સ્કૂલોને પણ દરખાસ્ત તૈયાર કરવામાં પગ તળે રેલો આવી રહ્યો છે ત્યારે જે સ્કૂલો પાસે સીએ નથી તેમની સ્થિતિ વધુ કફોડી બને તેમ હોઈ મુદત વધારવાની માંગણી ઊઠવા પામી છે.

ફી નિયમન વિધેયક પસાર કરવામાં આવ્યા બાદ સરકારે સ્કૂલોની ફી નક્કી કરી હતી. જેમાં પ્રાથમિક સ્કૂલોની ફી રૂ. ૧૫ હજાર, માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૭ હજાર નક્કી કરવામાં આવી હતી. પરંતુ જો સ્કૂલો આ ધોરણ કરતા વધુ ફી લેવા માંગતી હોય તો તેમણે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી ફી મંજુર કરાવવાની રહેશે તેમ જણાવાયું હતું. આ માટે સ્કૂલોને ૨૪ મે સુધીનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, હવે ૨૪ મેના માત્ર ચાર દિવસમો સમય બાકી છે અને હજુ સુધી અમદાવાદની એક પણ સ્કૂલ દ્વારા દરખાસ્ત કરવામાં આવી નથી.

ફી કમિટી સમક્ષ દરખાસ્ત માટેનું ફોર્મ જ એટલું લાંબુ છે કે તેને ભરતા સ્કૂલોને આંખે પાણી આવી રહ્યા છે. ફોર્મની સાથે ત્રણ વર્ષનો પ્રોજેક્શન, બે વર્ષનો ઓડિટ રિપોર્ટ અને ચાલુ વર્ષના હિસાબોની વિગતો પણ રજૂ કરવાની છે. જેથી જે સ્કૂલો પાસે સીએની સુવિધા છે તેઓ પણ દરખાસ્ત તૈયાર કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે, ત્યારે જેમની પાસે સીએની સુવિધા નથી તેવી સ્કૂલોને નિયત સમયમર્યાદામાં ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવામાં તકલીફ પડશે. સ્કૂલ સંચાલકોની માંગણી છે કે જો ફી કમિટી દ્વારા સ્કૂલોને દરખાસ્ત કરવા માટેની મુદત ૨૪ મે છે તે વધારી આપવામાં આવે તો જિલ્લાની અનેક સ્કૂલોને ફાયદો થઈ શકે છે અને તેઓ પોતાની સ્કૂલની દરખાસ્ત કમિટી સમક્ષ રજુ કરી શકશે.

# પીજી મેડિકલ પ્રવેશમાં અન્યાયની ઍસસી-ઍસટી વિદ્યાર્થીઓની રાવ

## એસસી અને એસટીની ખાલી બેઠકો પર એસસી અને એસટીના વિદ્યાર્થીઓને જ અરસપરસ પ્રવેશ આપવાની જોગવાઈનો અમલ ન થયાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૧

હાલમાં ચાલી રહેલી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ પ્રવેશ કાર્યવાહીમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ એટલે કે એસસી અને એસટીના વિદ્યાર્થીઓએ અન્યાય થયો હોવાની રાવ વ્યક્ત કરી છે. રાજ્ય સરકારે અનામત નીતિ અંગે કરેલા પરિપત્ર મુજબ એસસી અને એસટીની ખાલી બેઠકો પર એસસી અને એસટીના વિદ્યાર્થીઓને જ અરસપરસ પ્રવેશ આપવાની સ્પષ્ટ જોગવાઈ છે છતાં તેનો અમલ કરવામાં આવતો ન હોઈ એડમિશન કમિટીના ચેરમેનને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં આ પરિપત્રનો તાત્કાલીક અમલ કરવામાં આવે તેવી માગણી પણ કરાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં એડમિશન માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એડમિશન માટેની પ્રક્રિયામાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની બાબત પ્રકાશમાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ૨૪ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ પરિપત્ર બહાર પાડી અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિની ખાલી જગ્યામાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિને જ અરસ-પરસ પ્રવેશ આપવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવેલી છે. જો અનસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ નિયત સંખ્યામાં ઉપલબ્ધ ન હોય તો રાષ્ટ્રીય કક્ષાના વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની થાય છે. પરંતુ હજુ સુધી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ દ્વારા આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી હોય તેમ જણાતું નથી.

આ મુદ્દે અનુસુચિત જાતિ વિદ્યાર્થી વાલી મહામંડળના પ્રમુખ પ્રો. રાજેન્દ્ર જાદવે એડમિશન કમિટીના ચેરમેનને આવેદનપત્ર આપ્યું છે. આવેદનપત્રમાં રજૂઆત કરાઈ છે કે, રાજ્ય સરકારે અનામત નીતિ અંગે પરિપત્ર બહાર પાડ્યો છે તે પરિપત્રનું પાલન કરવામાં આવે અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની ખાલી જગ્યા પર અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને જ અરસપરસ પ્રવેશ આપવાની કાર્યવાહી કરાય. તાજેતરમાં પ્રવેશ પ્રક્રિયામાં જોતા અનામત નીતિ અંગે પરિપત્રનું પાલન નહીં કરાય તો લગભગ ત્રીસથી પચાસ જગ્યા પર વિદ્યાર્થીઓને નુકસાન થઈ શકે છે.